હાઈકોર્ટ, અમદાવાદ-સુરતની કોર્ટમાં બોમ્બ?

ધમકીભર્યો ઈમેલ મળતા તંત્ર દોડતું થયું, કોર્ટ પરિસરો ખાલી કરાવી બોમ્બ સ્ક્વોડ-ડોગ સ્ક્વોડ દ્વારા સઘન તપાસ

અમદાવાદઃ ગુજરાત હાઈકોર્ટ સહિત અમદાવાદ અને સુરતની વિવિધ કોર્ટોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈમેલ મળતા પોલીસ અને સુરક્ષા તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ હતી. ધમકી મળતાની સાથે જ કોર્ટ પરિસરો ખાલી કરાવી દેવામાં આવ્યા હતા અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ, ડોગ સ્કવોર્ડની ટીમો દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.

અમદાવાદ શહેરમાં આજે ગુજરાત હાઈકોર્ટ સહિતની કોર્ટમાં બોમ્બ હોવાનો ધમકીભર્યો ઈ-મેલ મળતા સુરક્ષા એજન્સીઓ એલર્ટ બની હતી. છેલ્લા કેટલાક સમયથી શાળા-કોલેજો, કોર્ટો તથા વિવિધ મહત્ત્વની સંસ્થાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળવાના બનાવોમાં વધારો જોવા મળી રહ્યો છે. કોર્ટોને બોમ્બથી ઉડાવી દેવાના ધમકીભર્યા ઈમેલ મળતાં જ સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ હતી અને કોર્ટ સંકુલમાં તાત્કાલિક સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી હતી. ધમકીભર્યો ઈમેલ માત્ર ગુજરાત હાઈકોર્ટ પૂરતો સીમિત ન રહેતાં અમદાવાદની ઘી કાંટા મેટ્રોપોલિટન કોર્ટ અને લાલ દરવાજા સ્થિત સેશન્સ કોર્ટને પણ મળ્યો હોવાનું સામે આવ્યું હતું. ધમકીની જાણ થતાં જ કોર્ટ પરિસરમાં હાજર વકીલો, ન્યાયાધીશો, કર્મચારીઓ અને અરજદારો સહિતના લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. સુરક્ષાના કારણોસર કોર્ટ સંકુલોને ખાલી કરાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વરિષ્ઠ પોલીસ અધિકારીઓ, ફાયર બ્રિગેડના જવાનો, બોમ્બ સ્કવોર્ડ, ડોગ સ્કવોર્ડની ટીમો સ્થળ પર પહોંચી હતી. ટીમો દ્વારા કોર્ટ પરિસરના ચેમ્બરો, પાર્કિંગ વિસ્તાર, પ્રવેશદ્વારો તથા અન્ય સંવેદનશીલ સ્થળોએ ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. શંકાસ્પદ વસ્તુઓ અંગે પણ ચકાસણી હાથ ધરવામાં આવી હતી. કલાકો સુધીની તપાસ બાદ કોઈન વાંધાજનક વસ્તુ ન મળતા સુરક્ષા એજન્સીઓએ રાહતનો દમ લીધો હતો. તમામ કોર્ટ સંકુલોમાં સુરક્ષા બંદોબસ્ત વધારી દેવામાં આવ્યો છે અને સમગ્ર પરિસ્થિતિ પર પોલીસ દ્વારા ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. બીજી તરફ, ધમકીભર્યો ઈમેલ કયા સ્થળેથી મોકલવામાં આવ્યો હતો અને તેની પાછળ કોણ છે તે શોધવા માટે સાયબર ગુના શાખા સહિતની તપાસ એજન્સીઓએ તપાસ શરૂ કરી છે. ઈમેલના સ્ત્રોત અને મોકલનારની ઓળખ મેળવવા માટે તકનીકી વિગતોની પણ તપાસ કરવામાં આવી રહી છે.

કોર્ટોને બોંબથી ઉડાવી દેવાની ધમકી આપનારાની તપાસ માટે સીટની રચના માટે માંગ ઊઠી

સુરતઃ વધુ એક વખત સુરત કોર્ટને બોંબથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. જો કે આ વખતે સુરત પોલીસ દ્વારા આ ધમકીને ગંભીરતાથી લેવામાં આવી ન હોય તેમ ડોગ સ્ક્વોડ અને બોંબ સ્ક્વોડ સાથે ગણતરીની પોલીસ આવીને તપાસ કરીને જતી રહી હતી. આ વખતે કોર્ટ સંકુલ પણ ખાલી કરાવવામાં આવ્યું ન હતું. અરે ઘણાં વકીલોને ખબર સુદ્ધાં ન હતી કે કોર્ટમાં બોંબ મુકાયાની ધમકી મળી છે. કોર્ટોમાં રાબેતા મુજબની કામગીરી ચાલું રહી હતી. આ વખતની ધમકીને પોલીસ પ્રશાસન દ્વારા ગંભીરતાથી નહીં લેવાતાં વકીલોમા આ મુદ્દે વ્યાપક ચર્ચા જોવા મળી હતી. આ અંગે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સુરતનાં સભ્ય ઝકી શેખે જણાવ્યું હતું કે છેલ્લાં લાંબા સમયથી સુરત સહિત રાજ્યભરમાં કોર્ટ બિલ્ડિંગમાં બોમ્બ મુકાયાંના ઈ મેઈલ મળ્યા છે. આવી ધમકી આપનારા તત્વોની શું મેલી મુરાદ છે? એ હજુ સ્પષ્ટ થતું નથી. ત્યારે સમગ્ર ગુજરાતમાં આવી ધમકી આપનાર તત્વો સામે તપાસ માટે ખાસ સીટ (SIT)ની રચના થવી જોઈએ જેથી વારંવાર મળતી આવી દહેશતમાંથી કાયમી છુટકારો મળે અને વારંવાર મેઈલ કરી ધમકી આપનાર સામે કાયદાકીય રીતે કડક કાર્યવાહી કરી શકાય. જયારે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્ય પ્રિતીબેન જોષીએ પણ આજની પોલીસ તપાસ સામે આક્રોશ વ્યક્ત કરતાં કહ્યું હતું કે કોર્ટમાં હજારોની સંખ્યામાં લોકો આવે છે. ત્યારે આવી ધમકીને પોલીસે ગંભીરતાથી લેવી જોઈએ. થોડા સમય માટે કામમાં ખલેલ પહોંચે પણ જો વાત ખરી પડે તો કેવું મોટું નુકશાન થાય? આવી ધમકીમાં પોલીસ પ્રશાસને સંવેદનશીલ થઈ ગંભીરતા દાખવી તપાસ કરવી જોઈએ.

ડો. હર્ષ પંડ્યા આપઘાતમાં વધુ એક ડો. અનુજના આગોતરા નામંજૂર

કોર્ટે બચાવ પક્ષની દલીલોને ફગાવી દીધી

અગાઉ ડો. હીના ભૂતની આગોતરા જામીન અરજી ફગાવાઈ હતી

સુરતઃ ડો. હર્ષ પંડ્યાના રેગિંગ-આપઘાતનાં દુષ્પ્રેરણા કેસમા આરોપી ડો. હીના ભૂતની આગોતરાં જામીન અરજી નામંજૂર થયાં બાદ આજે વધુ એક ડોક્ટરની આગોતરાં જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી.

અધિક સત્ર ન્યાયાધીશ પીયુષકુમાર પટેલે બચાવ પક્ષની દલીલોને ગ્રાહ્ય ન રાખી આરોપી ડો. અનુજ બસંતકુમાર મહેશ્વરીની આગોતરાં જામીન અરજી ફગાવી દીધી હતી. આરોપી તરફે બે ફરિયાદનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. તેમજ આરોપી ડોક્ટર દ્વારા ઘટના સંબંધિત સમયગાળા દરમિયાન પોતે બનાવના સ્થળે હાજર ન હોવાનું દર્શાવવા નવસારીની એન.જી. જી. હોસ્પિટલમાં લીધેલી ટ્રેનિંગનું પ્રમાણપત્ર અને ટ્રેનિંગ પ્રોગ્રામની લોગબુક પણ રજૂ કરવામાં આવી હતી.

મૃતક પોતે ડોક્ટર હતો અને જો તેને ખરેખર ગંભીર ત્રાસ આપવામાં આવતો હોત તો તે અંગે સ્યુસાઈડ નોટ લખી હોત સહિતની દલીલો કરી અરજી મંજૂર કરવા રજુઆત કરી હતી. જયારે સરકાર પક્ષે એપીપી દિંગત તેવરે આગોતરાં જામીન અરજીનો વિરોધ કરી રજુઆત કરી હતી કે મૃતક જુનિયર ડોક્ટર હતો, જ્યારે અરજદાર અને અન્ય આરોપીઓ તેના સિનિયર ડોક્ટરો હતા. મૃતક પાસે તેના કામના દાયરામાં ન આવતા કામો પણ કરાવવામાં આવતા હતા. નાની-નાની બાબતોમાં તેને જાહેરમાં અને ખાનગીમાં અપમાનિત કરવામાં આવતો હતો. અન્ય જુનિયર ડોક્ટરોએ પણ એન્ટી-રેગિંગ કમિટી સમક્ષ ફરિયાદો કરી હતી અને કમિટી દ્વારા સિનિયર ડોક્ટરો સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

આ બાબત આરોપીઓ સામે પ્રથમદર્શનીય કેસ હોવાનું દર્શાવે છે. મુળ ફરિયાદ પક્ષે પણ અરજીની વિરોધમાં રજુઆત કરવામાં આવી હતી. તમામ પક્ષકારોની રજૂઆત બાદ કોર્ટે આરોપી ડો. અનુજ મહેશ્વરીની આગોતરાં જામીન અરજી રદ કરી હતી.

ભાવનગર ડ્ડના બસ સ્ટેન્ડ પર યુવતીની હત્યા કરનાર પકડાયો

બે દિવસ પહેલાં ફૈઝલ ઉર્ફે ખાટકી લાખાણીએ જાહેરમાં કાજલ બારૈયાને ઢોર માર માર્યો હતો

લોકોની અવરજવર હોવા છતાં આસપાસના લોકો ઘટનાના મૂકપ્રેક્ષક બની રહ્યા

ગાંધીનગરઃ ભાવનગર શહેરના એસ.ટી. બસ સ્ટેન્ડ જેવા જાહેર અને ભીડભાડવાળા સ્થળે બે દિવસ પહેલાં બનેલી ચોંકાવનારી ઘટનામાં ફૈઝલ ઉર્ફે ખાટકી લાખાણીએ તેની પ્રેમિકા કાજલ બારૈયા પર જાહેરમાં બેરહેમીથી હુમલો કરી મારમારતા તેનું મૃત્યુ થયું હતું. ઘટનાની જાણ થતાં નીલમબાગ પોલીસ તાત્કાલિક હરકતમાં આવી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ સહિતના પુરાવાઓના આધારે તપાસ હાથ ધરી આરોપી ફૈઝલ લાખાણીને ગણતરીના સમયમાં જ ઝડપી લીધો હતો. આરોપી સામે હત્યાની ગંભીર કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસે ઘટનાસ્થળે રિકન્સ્ટ્રક્શન કરાવ્યું

હત્યાના બનાવની તપાસના ભાગરૂપે નીલમબાગ પોલીસે આરોપી ફૈઝલને એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે ઘટનાસ્થળે લઈ જઈ સમગ્ર ઘટનાનું પુનઃનિર્માણ કરાવ્યું હતું. પોલીસ દ્વારા આરોપીને તે જ સ્થળે લઈ જવાયો હતો જ્યાં કાજલ પર હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસે ઘટનાક્રમ અંગે જરૂરી વિગતો મેળવી તપાસ આગળ ધપાવી હતી. જાહેર સ્થળે યુવતી પર થયેલા ઘાતક હુમલા અને ત્યારબાદ થયેલા મોતને પગલે બનાવને લઈને શહેરમાં ભારે ચકચાર મચી છે. પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજ, સાક્ષીઓ તથા અન્ય પુરાવાના આધારે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

રો-મટીરિયલ PTAમાં 3.80 અને મેલ્ટમાં રૂપિયા 3.27નો વધારો

સુરતના પોલિએસ્ટર અને ટેક્સટાઇલ ઉદ્યોગ પર વધતા ઉત્પાદન ખર્ચની અસરની શક્યતા

સુરત : પોલિએસ્ટર અને મેનમેડ ફાઈબર (MMF) ઉદ્યોગ માટે મહત્વના કાચા માલના ભાવમાં ફરી વધારો કરવામાં આવ્યો છે. 5 સપ્ટેમ્બર, 2026થી અમલમાં આવેલા નવા ભાવ મુજબ PTAના ભાવમાં પ્રતિ કિલો રૂપિયા 3.80નો વધારો થતાં તેનો ભાવ રૂપિયા 97.70 થયો છે. બીજી તરફ MEGનો ભાવ રૂપિયા 76.50 પ્રતિ કિલો નક્કી કરવામાં આવ્યો છે.

પોલિએસ્ટર ઉદ્યોગ માટે મહત્વપૂર્ણ ગણાતા મેલ્ટના ભાવમાં પણ રૂપિયા 3.27નો વધારો થતાં તેનો નવો ભાવ રૂપિયા 110.03 પ્રતિ કિલો થયો છે. કાચા માલના ભાવમાં આવેલા આ વધારાને કારણે સુરતના પોલિએસ્ટર યાર્ન, વીવિંગ અને અન્ય ડાઉનસ્ટ્રીમ ટેક્સટાઈલ એકમોના ઉત્પાદન ખર્ચ પર અસર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સુરત દેશનું મહત્વપૂર્ણ મેનમેડ ફાઈબર અને પોલિએસ્ટર ટેક્સટાઈલ હબ હોવાથી PTA, MEG અને મેલ્ટના ભાવમાં થતો ફેરફાર સમગ્ર ટેક્સટાઈલ ચેઈન માટે મહત્વનો બની રહે છે. કાચા માલના ભાવમાં વધારો થતાં યાર્ન ઉત્પાદકોના ઉત્પાદન ખર્ચમાં વધારો થઈ શકે છે અને તેની અસર આગામી દિવસોમાં પોલિએસ્ટર યાર્નના ભાવ પર પણ જોવા મળી શકે છે.

હાલમાં ટેક્સટાઈલ બજારમાં માંગ અને તૈયાર માલના ભાવ વચ્ચેનું સંતુલન ઉદ્યોગકારો માટે પડકારરૂપ છે. આવા સંજોગોમાં કાચા માલના ભાવમાં થયેલો વધારો ખાસ કરીને નાના અને મધ્યમ કદના ટેક્સટાઈલ એકમો માટે ખર્ચનું દબાણ વધારી શકે છે.

યાર્નના ભાવમાં વધારાની અસર કાપડ બજાર સુધી પહોંચશે

ઉદ્યોગ સાથે સંકળાયેલા વર્તુળો હવે આગામી દિવસોમાં યાર્ન ઉત્પાદકો અને બજાર દ્વારા આ વધેલા કાચા માલના ભાવને કેટલા પ્રમાણમાં આગળ ટ્રાન્સફર કરવામાં આવે છે તેના પર નજર રાખી રહ્યા છે. જો યાર્નના ભાવમાં વધારો થશે તો તેની અસર વીવિંગ, પ્રોસેસિંગ અને તૈયાર કાપડના બજાર સુધી પહોંચવાની સંભાવના છે. PTA ની નવો ભાવ રૂપિયા 97.70 (પ્રતિ કિલો રૂપિયા 3.80નો વધારો), MEG રૂપિયા 76.50 પ્રતિ કિલો, અને Melt નો નવો ભાવ રૂપિયા 110.03 (પ્રતિ કિલો રૂપિયા 3.27નો વધારો) જાહેર થયો છે.

પર્યુષણ પર્વ પર દોડશે બાંદ્રા-પાલિતાણા સુપરફાસ્ટ સ્પે. ટ્રેન

સુરત, વડોદરા, અમદાવાદ થઈને જશે ટ્રેન, મુંબઈ-અમદાવાદ અને મુંબઈ-ઈન્દોર સ્પેશિયલ ટ્રેનોની મુદત પણ લંબાવાઈ

સુરતઃ જૈન ધર્મના સૌથી પવિત્ર અને મહાપર્વ પર્યુષણ નિમિત્તે પાલિતાણાની યાત્રા કરતા શ્રદ્ધાળુઓ માટે પશ્ચિમ રેલવે દ્વારા બાંદ્રા ટર્મિનસ અને પાલિતાણા વચ્ચે સ્પેશિયલ સુપરફાસ્ટ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવાયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ટ્રેન નંબર 09023 બાંદ્રા ટર્મિનસ - પાલિતાણા સુપરફાસ્ટ સ્પેશિયલ તા. 06 સપ્ટેમ્બર, શનિવારના રોજ સાંજે 19:25 કલાકે બાંદ્રાથી ઉપડશે અને બીજા દિવસે સવારે 09:25 કલાકે પાલિતાણા પહોંચશે.

રિટર્નમાં ટ્રેન નંબર 09024 પાલિતાણા - બાંદ્રા ટર્મિનસ તા. 07 સપ્ટેમ્બર, રવિવારના રોજ રાત્રે 20:00 કલાકે પાલિતાણાથી ઉપડી બીજા દિવસે સવારે 09:30 કલાકે બાંદ્રા પહોંચશે. આ ટ્રેન બોરીવલી, વાપી, વલસાડ, સુરત, વડોદરા, આણંદ, અમદાવાદ, બોટાદ, ધોળા, સોનગઢ અને સિહોર સ્ટેશનો પર બંને દિશામાં ઉભી રહેશે. ટ્રેનમાં સ્લીપર અને જનરલ સેકન્ડ ક્લાસના કોચ રહેશે.

અન્ય 3 સ્પેશિયલ ટ્રેનની મુદત પણ લંબાવાઈ

રેલવેએ અન્ય 3 સ્પેશિયલ ટ્રેનોની ટ્રીપ પણ લંબાવી છે. મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ (09087/09088) - 25 અને 26 નવેમ્બર 2026 સુધી, મુંબઈ સેન્ટ્રલ-ઈન્દોર (09079/09080) - 29 અને 30 નવેમ્બર 2026 સુધી, મુંબઈ સેન્ટ્રલ-ઈન્દોર (09085/09086) - 27 અને 28 નવેમ્બર 2026 સુધી લંબાવાઈ છે

આદિવાસી મામલે વન-આદિજાતિ વિકાસની સોમવારે સંયુક્ત બેઠક

બેઠકમાં સુરત અને નર્મદા જિલ્લાના અધિકારીઓ જોડાશે, FRA હેઠળના પેન્ડિંગ દાવાઓ અને પ્રશ્નોના નિકાલ માટે રણનીતિ ઘડાશે

સુરતઃ સાગબારા વિસ્તારના આદિવાસી ખેડૂતો દ્વારા વન અધિકાર અધિનિયમ હેઠળ રજૂ કરવામાં આવેલા પેન્ડિંગ પ્રશ્નો અને દાવાઓના ઝડપી તથા કાયદેસર નિકાલ માટે સોમવાર, તા. ૭ સપ્ટેમ્બરના રોજ સુરત અને નર્મદા જિલ્લાના વન વિભાગ તેમજ આદિજાતિ વિકાસ વિભાગના અધિકારીઓની ઉચ્ચસ્તરીય સંયુક્ત બેઠક યોજાશે.

ગત તા. ૩૧ ઓગસ્ટના રોજ સાગબારા વિસ્તારમાં ૧૦થી ૧૨ જેટલા ગામોના આદિવાસી ખેડૂતો સાથે મુલાકાત દરમિયાન વન અધિકાર અધિનિયમ હેઠળના વિવિધ પેન્ડિંગ પ્રશ્નો અંગે મંત્રીશ્રીઓ સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી. ખેડૂતો દ્વારા તેમના વન અધિકાર, જમીન સંબંધિત દાવાઓ અને લાંબા સમયથી પેન્ડિંગ રહેલી પ્રક્રિયાઓ અંગે રજૂ કરાયેલા મુદ્દાઓના સત્વરે નિરાકરણ માટે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. આ રજૂઆતોને પગલે ૭ સપ્ટેમ્બરે યોજાનારી બેઠકમાં સુરત વન વિભાગ અને નર્મદા વન વિભાગના અધિકારીઓ ઉપરાંત સુરત તથા નર્મદા જિલ્લાના ટ્રાઈબલ પ્લાન એટલે કે આદિજાતિ વિકાસ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહેશે. બેઠક દરમિયાન બંને જિલ્લાના વનવાસી વિસ્તારો સાથે સંકળાયેલા FRA હેઠળના પેન્ડિંગ દાવાઓ અને પ્રશ્નોની સ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવશે. કાયદાકીય જોગવાઈઓ, ઉપલબ્ધ દસ્તાવેજો તથા સંબંધિત પ્રક્રિયાઓના આધારે કયા પ્રશ્નોનો કઈ રીતે નિકાલ કરી શકાય તે અંગે અધિકારીઓ દ્વારા વિચારવિમર્શ કરવામાં આવશે.

કામરેજમાં પૂર રાહત માટે માત્ર 30 દિવસમાં તાપી કાંઠે સુરક્ષા દીવાલ તૈયાર

ગત ચોમાસાના ધોવાણ બાદ રાજ્ય સરકારની તાત્કાલિક કાર્યવાહી

આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાએ પૂર્ણ થયેલા કામનું નિરીક્ષણ કર્યું

સુરતઃ ગત ચોમાસામાં અતિવૃષ્ટિ અને પૂરની સ્થિતિને કારણે કામરેજ વિસ્તારમાં તાપી નદીના કાંઠે મોટા પાયે ધોવાણ થતાં નદી કાંઠાના રહેવાસીઓની ચિંતા વધી હતી. નદીનું પાણી વધે ત્યારે મકાનો સુધી પાણી પહોંચવાની અને ધોવાણને કારણે જાનમાલને નુકસાન થવાની ભીતિ વચ્ચે રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલ સુરક્ષા દિવાલનું કામ માત્ર 30 દિવસમાં પૂર્ણ કરવામાં આવ્યું છે.

આ સુરક્ષા પાળાનું કામ પૂર્ણ થતાં કામરેજના નદીકાંઠે વસતા પરિવારોને આગામી ચોમાસામાં પૂર અને જમીન ધોવાણના જોખમ સામે મોટી રાહત મળવાની આશા છે. આરોગ્ય રાજ્યમંત્રી અને કામરેજના ધારાસભ્ય પ્રફુલભાઈ પાનશેરિયાએ સ્થળ પર પહોંચી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. ગત ચોમાસાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નદીકાંઠાના વિસ્તારોના રક્ષણ માટે પ્રફુલભાઈ પાનશેરિયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ સુરક્ષા દીવાલ બનાવવાની રજૂઆત કરી હતી. ત્યારબાદ રાજ્ય સરકારના સિંચાઈ વિભાગે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. આશરે એક મહિના પહેલાં પાળાના નિર્માણ માટે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું અને હવે કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. મંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, તાપી કાંઠે રહેતા સામાન્ય અને શ્રમજીવી પરિવારો માટે નદીનું વધતું પાણી અને સતત થતું ધોવાણ ગંભીર જોખમરૂપ હતું. સહેજ પણ પાણીનું સ્તર વધે ત્યારે મકાનોને નુકસાન થવાની સંભાવના રહેતી હતી. સુરક્ષા દીવાલ તૈયાર થતાં આવા પરિવારોને પોતાના ઘર અને પરિવારની સલામતી અંગે મોટી રાહત મળી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, લોકહિતની કામગીરીને પ્રાથમિકતા આપી માત્ર 30 દિવસમાં સુરક્ષા પાળાનું કામ પૂર્ણ કરાયું છે. આગામી સમયમાં જરૂરિયાત જણાશે તેવા નદીકાંઠાના અન્ય વિસ્તારોમાં પણ પૂર અને ધોવાણ સામે રક્ષણ માટે સુરક્ષાત્મક કામગીરી હાથ ધરવામાં આવશે.

ઈન્સ્ટાગ્રામ પર ફસાવી ન્યુડ વિડીયો કોલનું રેકોર્ડિંગ કરી 1.33 લાખ પડાવ્યા

ગોડાદરાની સ્કૂલમાં ડાન્સ ટીચર તરીકે કામ કરનારને વિડીયો મોકલી દિલ્હી પોલીસના નામે અવાજથી વાત કરી ગભરાવ્યો

બાદમાં યુવાન પાસેથી કેસ રફાદફા કરવા માટે ઓનલાઈન નાણાં પડાવી લીધા, બાદમાં વધુ નાણાં માંગતા પોલીસ ફરિયાદ

સુરતઃ ગોડાદરાની સ્કૂલમાં ડાન્સ ટીચર તરીકે કામ કરતા યુવકને ઈન્સ્ટાગ્રામ પર ડિજિટલ ટ્રેપમાં ફસાવી, ન્યૂડ વીડિયો રેકોર્ડિંગ વાયરલ કરવાની ધમકી આપી તથા બોગસ પોલીસ અધિકારી બનીને રૂ. ૧,૩૩,૩૦૦ ની મિલકત પચાવી પાડવામાં આવી છે.

લિંબાયત શંકર નગરમાં પરિવાર સાથે રહેતા ૨૨ વર્ષીય રોહિત શંકર બિરાડે (ડાન્સ ટીચર) ગત ૨૯ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ વહેલી સવારે સોશિયલ મીડિયા પર સક્રિય હતા. તે દરમિયાન 'પૂજા કુમારી' નામના ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી તેમને મેસેજ આવ્યો હતો. સામા પક્ષેથી મુંબઈમાં રહેતી હોવાનું જણાવી વાતોમાં ભેરવી, કામઈચ્છા માટે ઉત્તેજિત કરી બાથરૂમમાં જઈ ન્યૂડ વીડિયો કોલ કરવા જણાવાયું હતું.

યુવકે ન્યૂડ થઈને આશરે ૩૦ સેકન્ડ વીડિયો કોલ કર્યો હતો, જેનું સામા પક્ષે રેકોર્ડિંગ કરી લીધું હતું અને બાદમાં યુવકને જ આ વીડિયો ક્લિપ મોકલી વાયરલ કરવાની ધમકી આપી અકાઉન્ટ બ્લોક કરી દીધું હતું. ત્યારબાદ ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ યુવક પર સંજય સિંહ નામના વ્યક્તિનો ફોન આવ્યો હતો, જેણે પોતાની ઓળખ 'સોશિયલ મીડિયા રેડ પોર્ટ હેડક્વાર્ટર'ના અધિકારી તરીકે આપી હતી. તેણે યુવકનો ન્યૂડ વીડિયો સોશિયલ મીડિયા પર આવ્યો હોવાનું કહી 'દિલ્હી પોલીસ DCP' સાથે વાત કરવા જણાવ્યું હતું.

થોડી જ વારમાં યુવક પર વોટ્સએપ વીડિયો કોલમાં પોલીસ યુનિફોર્મ પહેરેલી વ્યક્તિએ કેમેરો બંધ કરી માત્ર અવાજથી વાત કરી પોતાને દિલ્હી પોલીસના ડીસીપી ગણાવી તેણે યુવકને ડરાવ્યો હતો કે 'તમારા પર કેસ દાખલ થયો છે અને ગુજરાત પોલીસ તમને પકડવા આવી રહી છે'. યુવક ગભરાઈ જતાં તેને કેસ રફાદફા કરવા અને વીડિયો ડિલીટ કરાવવાના નામે સંજય સિંહ સાથે વાત કરવા જણાવાયું હતું. સંજય સિંહે કુલ રૂ. ૧,૩૩,૩૦૦ મેળવી લીધા હતા. બાદમાં પણ વધુ નાણાંની માગણી થતાં અને એઆઈ તથા મિત્રની મદદથી આ ફ્રોડ હોવાનું જણાતાં લિંબાયત પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અનુસંધાન ... પાના છેલ્લાનું

પીએમ નરેન્દ્ર...

વિસ્તારોની સુરક્ષા વ્યવસ્થાની ઝીણવટભરી ચકાસણી ચાલી રહી છે. સ્થાનિક પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા રૂટ, ટ્રાફિક ડાયવર્ઝન અને પાર્કિંગ વ્યવસ્થાનું સંકલન કરવામાં આવી રહ્યું છે. કાર્યક્રમમાં પથી ૬ હજાર આમંત્રિતો ઉપસ્થિત રહી શકે તે માટે વિશાળ એરકન્ડિશન્ડ ડોમ તૈયાર થઈ રહ્યો છે. રાજકીય આગેવાનો ઉપરાંત નવસારીના બુદ્ધિજીવીઓ, ડોક્ટરો, એન્જિનિયરો, શિક્ષણવિદો અને વિવિધ ક્ષેત્રના અગ્રણીઓને પણ આમંત્રણ અપાયું છે. પ્રદેશ સંગઠનના નેતાઓ અને સ્થાનિક આગેવાનો દરરોજ સ્થળની મુલાકાત લઈ સ્ટેજ, સાઉન્ડ, બેઠક અને પાર્કિંગ વ્યવસ્થાની સમીક્ષા કરી રહ્યા છે. મોદીના આગમન પહેલાં નવસારીમાં સંગઠનથી લઈને સુરક્ષા તંત્ર સુધીની તૈયારીઓ અંતિમ તબક્કામાં પહોંચી છે.

બહેન આવી...

ભાવેશ હિમતભાઈ મકવાણા (રહે. સત્યનારાયણ સોસાયટી, મરઘા કેન્દ્ર પાસે, કાપોદ્રા)અને ભારતીબેન વિજય મકવાણા (રહે. સુમન સહકાર આવાસ, મોટા વરાછા) વિરુદ્ધ પોક્સો તથા બળાત્કાર સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ભાવેશ અને ભારતીની ધરપકડ કરી છે.

રાજકીય...

જેને પગલે ક્યારેક સોનાના ભાવે પડાપડી કરીને લેવાતા મિલોના શેર આજે કોડીના ભાવે વેચાઈ રહ્યા છે.

આજથી ૫૦ થી ૭૦ વર્ષ પહેલાં દક્ષિણ ગુજરાતમાં સહકારી ધોરણે સુગર મિલોની શરૂઆત થતાં ખેડૂતો મોટા પાયે શેરડીની ખેતી તરફ વળ્યા હતા. આ રોકડિયા પાકને કારણે વિસ્તારના ખેડૂતો પગભર થયા હતા. પરંતુ, હવે ઔદ્યોગિકરણ અને શહેરીકરણના વ્યાપને કારણે ખેતીલાયક જમીનો સતત ઘટી રહી છે. હજારો એકર જમીન બિનખેતી થઈ રહી છે. વળી, આ વિસ્તારના ઘણા ખેડૂતો વિદેશમાં સ્થાયી થયા હોવાથી તેઓ ખેતીથી વિમુખ થઈ રહ્યા છે. ખેત ઉત્પાદન ઘટવાને કારણે મિલોને પિલાણ માટે પૂરતો શેરડીનો પુરવઠો મળતો નથી, જેનાથી મિલોની આર્થિક સ્થિતિ કથળી રહી છે.

સુગર મિલોની આ પડતી દશા પાછળ છેલ્લા દસેક વર્ષથી સહકારી મંડળીઓમાં વધી રહેલો રાજકીય હસ્તક્ષેપ પણ એક અત્યંત મહત્વનું કારણ છે. રાજકીય પક્ષો દ્વારા આપવામાં આવતા મેન્ડેટને કારણે ખેડૂતોને હવે યોગ્ય પ્રતિનિધિત્વ મળી શકતું નથી. પક્ષ જે નક્કી કરે તેને સત્તા સોંપવામાં આવે છે, આથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ ખેડૂતોના હિતને બદલે પક્ષને જ વધુ વફાદાર રહે છે. રાજકીય મેન્ડેટની આ પ્રથાને કારણે સંસ્થાઓને યોગ્ય અને અનુભવી વહીવટદારો મળી શકતા નથી. પરિણામે ગેરવહીવટ વધ્યો છે અને તેની ગંભીર અસર સીધી ખેતી અને સંચાલન પર જોવા મળી રહી છે.

સરકાર ખાંડના...

આ સ્થિતિમાં ભાવ વધારાનો લાભ ખરેખર ખેડૂતો સુધી પહોંચશે કે કેમ તે પણ એક મોટો પ્રશ્ન છે. આ તમામ કારણોસર સુગર મિલોની પ્રતિષ્ઠા સામે સવાલો ઉભા થયા છે અને તેના શેરના ભાવ ઐતિહાસિક તળિયે બેસી ગયા છે. અત્રે નોંધનીય છે કે આ શેર શેરબજારમાં લિસ્ટેડ હોતા નથી અને જે તે સુગર મિલના કાર્યક્ષેત્રમાં આવતા ખેડૂત જ અંદરોઅંદર તેની ખરીદી કરી શકે છે, અન્ય કોઈ રોકાણકાર તે ખરીદી શકતા નથી. એક સમયે બારડોલી અને ચલથાણ જેવી પ્રતિષ્ઠિત સુગર મિલોના શેર લાખો રૂપિયામાં વેચાતા હતા, તે આજે ઘટીને માત્ર અમુક હજારોમાં આવી ગયા છે. એ જ રીતે કામરેજ, મઢી, સાયણ અને મહુવા સુગરના શેરમાં પણ ૮૦ ટકા સુધીનું મોટું ગાબડું પડ્યું છે. આમ, ગેરવહીવટ અને ઘટતા ઉત્પાદને સહકારી ક્ષેત્રના આ મજબૂત પાયાને વિનાશના આરે લાવીને ઊભો કરી દીધો છે.

જન્માષ્ટમીએ...

ભાગે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોમાં કતારગામની પાર્વતી નગર સોસાયટીના જય મનીષ કાકલોતર (ઉં.વ. ૨૯), નવાગામ ડિંડોલીની મંગલદીપ સોસાયટીના મનોજ કિશનભાઈ સોનવણે (ઉં.વ. ૩૧), પુણા બોમ્બે માર્કેટ રોડની સ્વામી વિવેકાનંદ સોસાયટીના શિવમ રામનિવાસ જૈસ્વાલ (ઉં.વ. ૨૨), બેગમપુરાના નેહલ ધર્મેશ વાઘેલા (ઉં.વ. ૧૪) તથા પલસાણાના હલધરું ગામની આરાધના ઓર્ચિડના અજય રવી ધિવરે (ઉં.વ. ૨૩)નો સમાવેશ થાય છે. તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તબીબોએ પ્રાથમિક સારવાર આપ્યા બાદ તમામને રજા આપી દેવામાં આવી હતી. જન્માષ્ટમીના ઉત્સવ દરમિયાન બનેલા આ બનાવોએ મટકી ફોડ કાર્યક્રમોમાં સલામતીના પગલાં અને પૂરતી તકેદારી રાખવાની જરૂરિયાત